જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૯૬૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૦૮	૧	૧૧૭૦૯	૧૭૮૧૮	૧	૧૭૮૧૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૭	૦	૧૧૭	૩૯૩	૦	૩૯૩
૪	**Disaster Management Act 2005** હેઠળના ગુન્હાઓ	૭૩૧૮૦	૨૧	૭૩૨૦૧	૭૪૨૨૧	૨૧	૭૪૨૪૨
કુલ		૮૯૭૩૮	૨૨	૮૯૭૬૦	૯૮૭૧૪	૨૨	૯૮૭૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૦	૪,૩૨,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૪૨	૩,૪૨,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૬૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૩૮ લીટર દેશી દારૂ, ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૯૬૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૯૬૬/૨૦૨૧**

સાબરમતીઃ દુષ્યંતકુમાર ભરતકુમાર દિક્ષીત (ઉ.વ.૩૩) (રહે. વંદે માતરમ હોમ્સ ચેનપુર રોડ ન્યુ રાણીપ) એ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૯/૨૦૨૧ ના રોજ મોબાઇલ નંબર ૦૯૩૩૯૭૬૩૧૨૪ અને ૬૨૯૬૮૯૭૧૯૫ ના ધારકે દુષ્યંતકુમાર દિક્ષીતને ફોન કરી ઇન્ડસઇન્ડ બેંક ક્રેડીટ કાર્ડ કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી ઇન્ડસઇન્ડ બેકની મોબાઇલ એપ્લીકેશન અપડેટ કરવાનુ કહી મોબાઇલ નંબર ઉપર લીંક મોકલી જેમાં મોબાઈલ નંબર તથા ક્રેડીટ કાર્ડની વિગત ભરાવડાવી ઓટીપી નંબર મેળવી લઈ ઇન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૧,૭૧,૬૭૫/- ટ્રાન્ઝેકશન કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

વેજલપુરઃ મહંમદઅમીન બાબુભાઈ ખોખર (ઉ.વ.૪૧) (રહે. રમજાન પાર્ક-૩ ગુલઝાર પાર્ક ગેટ નંબર-૩ હુદા મસ્જીદ સામે ફતેવાડી) એ તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૪૪ ૭૪૨૪૦૮૧૮૧૦ અને +૪૪૭૫૩૭૧૭૫૭૭૭ ના ધારકે ભેગા મળી લોન આપવાનુ જણાવી લલચાવી ફોસલાવી ભરોસો કેળવી મહંમદઅમીન ખોખરને US$ ૧૩૪૫૦ (દસ લાખ રૂપિયા) લોન આપવાનુ કહી લોન પ્રોસેસીંગ ફી પેટે કોટક મહીન્દ્રાના બેન્ક ખાતા નં-૩૭૧૨૦૮૭૪૫૧ ,ifsc code-KKBK0004597 બ્રાન્ચ-ન્યુ દિલ્હીના ખાતામાં US$ ૧૦૦૦ (રૂપિયા ૭૪,૩૫૨/-) ઓનલાઈન ભરાવડાવી લોન નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.જી.પલ્લાચર્યા ચલાવે છે.

નિકોલઃ હાર્દીકભાઇ ધનજીભાઇ વસાણી (ઉ.વ.૨૭) (રહે. પટેલ પાર્ક સોસાયટી પંચમ મોલ પાછળ નિકોલ રોડ) એ તા.૨૭/૦૧૦/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૨૦૧૮ થી તા.૧૧/૦૬/૨૦૧૯ સુધી ખોડીયારનગર પટેલ કાપડ માર્કેટની સામે જય સતાધારનગર પટેલ એકઝીમ ખાતેથી આરોપી મોહીત શર્મા તથા પ્રીયાંશ શર્મા તથા રાકેશ દીક્ષીત જેઓના પુરા નામ સરનામા ખબર નથી) એ ભેગા મળી હાર્દીકભાઈ તથા હાર્દિકભાઈના મિત્રો પાસેથી ડુંગળી, નાળીયેર અને દાડમનો માલ કિમત રૂપિયા ૧,૨૧,૮૮,૩૫૮/- એકસ્પોર્ટ મારફતે દુબઇ ખાતે મેળવી લઇ માલના નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખાટ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૯૬૭/૨૦૨૧**

રિવરફ્રંટ વેસ્ટઃ પ્રેમસ પ્રેમસિંધ ચૌહાણ (રહે. ગોકુલ-૧ સોસાયટી કઠવાડા તળાવ સામે ગોકુલ ગેલેક્ષી પાસે કઠવાડા) એ રિવરફ્રંટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૨૦૨૧ રાતના ૧/૦૦ થી સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઉસ્માનપુરા રીવરફ્રન્ટ પશ્ચિમ તરફના ભાગે ઉદાસીન આશ્રમ સામે આવેલ વિક્રમ સારાભાઈના સ્ટેચ્યું આગળ લગાડેલ કિમતી ધાતુનુ એક ટેબલ, એક પુસ્તક અને એક પેન મળી કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- ઉખાડી અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

શહેરકોટડાઃ રાબીયાબાનું ઇકબાલ હુસૈન અંસારી (ઉ.વ.૬૫) (રહે. કામદાર મેદાન વોરાના રોજાના છાપરાં ગોમતીપુર) તા.૨૬/૧૦/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે રખિયાલ ચાર રસ્તા થી કામદાર મેદાન વોરાના રોજાના છાપરાં પોતાના ઘરે જવા શટલ ઓટો રીક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા ત્યારે રીક્ષા ચાલકે રિક્ષા હરીભાઇ સર્કલ તરફ જવાના રસ્તા તરફ વાળી દીધેલ અને રસ્તામાં શ્રીજી એસ્ટેટની સામે સરસપુર શારદાબેન હોસ્પિટલની નજીક આવેલ જજ સાહેબની ચાલી ખાતે રીક્ષા ઉભી રાખી રાબીયાબાનું અંસારીની નજર ચુકવી રાબીયાબાનું અંસારીના કાનમાંથી સોનાની બુટી નંગ-૨ કિમત રૂપિયા ૧૬,૦૦૦/- અને સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૪,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ રાબીયાબાનું અંસારીએ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.પરમાર ચલાવે છે.

કાગડાપીઠઃ બળવંતસિંહ ચમનજી રાજપુત (ઉ.વ.૩૩) (રહે. કે.અશ્વીન આંગળીયા, ધાંચીની પોળ, માણેકચોક) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧૦/૨૦૨૧ કલાક ૬/૪૦ વાગ્યાના સુમારે એસ.ટી.ગીતામંદીર બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નંબર-૧૮ ખાતે અમદાવાદ-ધાનેરા એસ.ટી.બસમાંથી બળવંતસિંહ રાજપુતની નજર ચુકવી અજાણી વ્યક્તિ બળવંતસિંહ રાજપુતનો થેલો ચોરી કરી લઇ ગઈ હતી. જે થેલામાં આશરે ૩૨૭ ગ્રામ સોનાના દાગીના કિમત રૂપિયા ૧૫,૮૫,૯૦૩/- તથા આશરે ૪ કિલો ૧૧૮ ગ્રામ ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૫૬,૬૦૭/- હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

બીજા માળેથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૯૬૮/૨૦૨૧**

શાહપુરઃ શાહપુર દરવાજાનો ખાંચો છબીબા ઓઢવની ખડકી ખાતે રહેતા નયનભાઇ વલ્લભભાઇ રાઠોડ (ઉ.વ.૩૦) નો બે વર્ષનો પુત્ર ધૈર્ય તા.૨૬/૧૦/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રમતા-રમતા પોતાના ઘરે બિજા માળેથી નિચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૧૦/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગે તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.ભરવાડ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૯૬૯/૨૦૨૧**

વટવાઃ શીતલબહેન વા/ઓ માવારામ રાણા (ઉ.વ.૨૯) (રહે. શ્યામાપ્રસાદ મુખર્જીનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૧૦/૨૦૨૧ કલાક ૮/૦૦ થી કલાક ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે બાથરૂમમાં બારીના દરવાજા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

નારોલઃ નિશાર ચાંદભાઇ સમા (ઉ.વ.૪૭) (રહે. વિમલ સોસાયટી સોનલ ફેકટરીની બાજુમાં નારોલ-વટવા રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૦/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે રસોડામાં છતના ભાગે લોખંડની એંગલ સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.